# પ્રસ્તાવના

સાહિત્યકાર પોતાના 'સ્વ' અનુભવને સાહિત્યના માધ્યમ દ્વારા અભિવ્યકત કરે છે. તેમાં પણ તે પોતાના અનુભવોની સાથે સાથે કલાત્મક રૂપ આપે છે અને અંતે આ અનુભૂતિ વાચકોને અનુરૂપ ધારણ કરે છે. મધ્યકાલીન સાહિત્યથી માંડીને અર્વાચીન કાળ સુધી અનેક પ્રકારનું સાહિત્ય અવનવા રૂપ ધારણ કરતું રહ્યું છે. તેમાં જોઈએ તો નવલકથા, નવલિકા, લઘુનવલ, નાટક, નિબંધ, ચરિત્રલેખન, કવિતા, સૉનેટ, ગઝલ, બાળસાહિત્ય વગેરે જેવા સાહિત્ય સ્વરૂપો વિકાસ પામતાં રહ્યાં છે.

ગુજરાતી સાહિત્ય વાંચવાનો મને આમ તો પહેલેથી જ શોખ છે. નવલકથા, નાટક, નિબંધ, ચરિત્રલેખન અને બાળસાહિત્ય જેવા સ્વરૂપો મને વાંચવા ગમે છતાં પણ જ્યારે મધ્યકાલીન સાહિત્ય અને અર્વાચીન સાહિત્યના યુગ વિભાજનથી પરિચિત થવાનું આવ્યું ત્યારે બધાં યુગનું વાંચન રહેતું પરંતુ આધુનિક યુગના સાહિત્યમાં વધુ રસ છે.

અભ્યાસના અમુક તબક્કા પછી પીએચ.ડી. કરી શકાય એવી જાણ થઈ ત્યારથી જ પીએચ.ડી. કરવાની તીવ્ર ઈચ્છા તમન્ના મનમાં થઈ આવી અને એ સમય આવી ગયો. પીએચ.ડી. કરવાનું સદ્‌ભાગ્ય મને પ્રાપ્ત થયું અને હું આનંદિત થઈ ઉઠ્યો. પણ જેમ અજાણ્યા રસ્તા પર ડગ માંડતા મને અનેક દ્વિધા અનુભવે છે. તેમ મારે વિષય પસંદ કરવાનો આવ્યો ત્યારે મને પણ અનેક દ્વિધાનો અનુભવી કારણ કે આધુનિક યુગ એ આકર્ષણનો વિષય હતો. આખરે વિષય મળી ગયો.

આધુનિક યુગના પ્રયોગશીલ સર્જક લાભશંકર ઠાકરે અનેક સાહિત્ય સ્વરૂપ પર સર્જન કરેલ છે. આ અંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ગુજરાતી ભાષા-સાહિત્ય ભવનના પ્રોફેસર ડૉ.દીપક પટેલ સાહેબ સાથે ચર્ચા-વિચારણા ક્ર્યા બાદ તેમણે વિષય સ્પષ્ટ કરી મારી દ્વિધા હળવી કરી અને સંશોધનના વિષય તરીકે 'લાભશંકર ઠાકરનું ગદ્ય સર્જન : એક અભ્યાસ' (નવલકથા, નાટક, નિબંધ, ચરિત્રલેખન અને બાળસાહિત્ય સંદર્ભે) પર વિસ્તૃત અભ્યાસ હાથ ધર્યો છે.